STD-11

પ્ર. 1 અ] નીચે આપેલ ગદ્યાંશ વાંચી સૂચનાને અનુસરો.

ક) કૃતિ કરો. 2

ગ્રામ્ય જીવનના ત્રણ નિષ્ફળ નમુના

૧) ________ ૨)________ ૩)__________

જેના મનમાં પ્રશ્ન ઘૂમે છે તે____________

નિષ્ફળતા માણસને પોતાની જાત ઉપર અગર જગત ઉપર વેર લેતો બનાવે છે.ગ્રામજીવનના ત્રણ નિષ્ફળ નમુના એક ભણેલો, બીજો ચોર, ત્રીજો નાદાર ખેડૂત. એકના ઘડતરમાં સંસ્કાર ઘમંડ અને આળસ; બીજાના ઘડતરમાં સ્થિરતા અને અન્યાય સામે રોષ; ત્રીજાના ઘડતરમાં વ્યવહાર શૂન્યતા મોટાઇ અને અવિચાર.

'એ કેમ ટળે?'અશ્વિન સંધ્યાકાળે ઘેર આવ્યો ત્યારે એ પ્રશ્ન તેના મનમાં ઘૂમતો હતો.

માનવી એક પર્વત નજીક ઉભો રહી વિચારે કે તેને શિખરે પહોંચવું છે. ગગનને અવરોધતા ઊંચા ઊંચા ટેકરા અને નાખી નજર ન પહોંચે એવી ઊંડી ખીણોમાંથી તેને સાંકડો માર્ગ મળી જાય છે. કરાડો અને ખીણોથી ભય પામનાર શિખરે પહોંચતો નથી. કાર્ય સિદ્ધિનું શૃંગ પણ એવું જ છે. ભયસ્થાનોની વિરાટ ઊંચાઇ અને નિષ્ફળતાની ઊંડી ખીણ વચ્ચેથી માર્ગ ખોળવો રહ્યો. શિખરે પહોંચતા સુધી એ જ નજરે ચડવાનું. જેને ભય ન હોય તે જ શિખરે પહોંચે. સૈન્યોની વ્યૂહરચના કરતાં પણ વધારે કૌશલ્ય,આંતરરાષ્ટ્રીય વિષ્ટિ કરતાં પણ વધારે મોટી મુત્સદ્દીગીરી અને પીઠ ન બતાવતી ક્ષત્રીવટ કરતાં પણ વધારે ચડિયાતું વીરત્વ ગ્રામપુનર્રચનામાં પડનાર વીરે બતાવવાનાં છે તેથી નિરાશ થવાય જ નહિ.

ખ)કૃતિ કરો. 2

ક) એ શિખરે પહોંચતો નથી.............

ખ)ગ્રામ પુનર્રચનામાં પડનાર વીરે બતાવવાના ગુણો

૧)_______ ૨)________ ૩)_________

ગ) વિશેષણ લખો. 2

_________ચોર __________ખેતરો

_________વ્યક્તિ _________શક્તિઓ

ધ) ગ્રામપુનર્રચના માટે ગ્રામવાસીમાં ક્યા લક્ષણો હોવા જોઈએ તે વિશે તમારા વિચારો જણાવો. 2

આ] નીચે આપેલ ગદ્યાંશ વાંચી સૂચનાને અનુસરો.

ક) કૃતિ કરો. 2

૧) સમાન અર્થ વાળા અન્ય શબ્દ લખો.

આકાશ _______, _________

પવન ________, _________

રાત્રીનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાના મોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સુસવાટાથી બચવા પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે લપેટી લેતો એક વૃધ્દ્ ડોસો શહેરના મધ્ય ભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતા કેટલાક ધરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઊઠનારનાં પગરખાંનો છેટેથી સંભળાતો અવાજ કે કોઈ અકાળે જાગેલા પક્ષીનો સ્વર : એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિંદ્રામાં ધોરતા હતા અને શિયાળાની ઠંડીથી રાત્રે વધારે ધાઢ બનતી હતી. કહે નહીં છતાં કતલ કરી નાખે એવી મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃધ્દ્ ડોસો ધ્રૂજતોને શાંત રીતે ડગમગ ચાલતો, શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી પહોંચ્યો ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડોની હાર હતી ને બીજી બાજુ શહેરનો બાગ હતો. અહીં ઠંડી વધારે હતી ને રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો ને શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું. જ્યાં બાગનો છેડો હતો ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનું એક રોનકદાર મકાન હતું ને તેની બંધ બારી તથા બારણામાંથી દીવાનો ઉજાસ બહાર પડતો હતો.

ખ)આકૃતિ પૂર્ણ કરો. 2

વહેલી સવારનું દ્રશ્ય--

[________] [________] [__________][________]

ગ) રૂઢિપ્રયોગની સામે યોગ્ય અર્થ લખો. 2

પ્રશ્ન મનમાં ઘૂમવો, પીઠ બતાવવી

ઘ) વૃધ્દ્ ડોસાની માનસિકતાનું વર્ણન તમારા શબ્દોમાં કરો. 2

ઇ]નીચે આપેલ ગદ્યાંશ વાંચી સૂચના અનુસરો.

ક) કૃતિ પૂર્ણ કરો. 2

ટ્યુશન ક્લાસીસના પાટીયા

[_____________] [_____________]

ઝાઝી ચિંતા ન કરવી

[_____________] [_____________]

તમારું સંતાન કઇ શાળા કે કોલેજમાં ભણે છે એ વિશે કોઇ સાચી ચિંતા કરતું નથી. બાળક પ્રાથમિક શાળામાં હોય કે કોલેજના અંતિમ વર્ષમાં હોય મહત્વ ટ્યુટોરિયલ ક્લાસીસનું છે. શાળા કે કોલેજની વાર્ષિક ફી કરતા પાંચ કે દસ ગણી વધારે ફી લેતા ટ્યુશન ક્લાસીસના પાટિયા શેરીએ શેરીએ અને ચોરે ને ચૌટે લટકતા નજરે પડે છે. ૮૦% માર્ક લઇને ટ્યુશન ક્લાસમાં ભણતા વિદ્યાર્થીને બીજા વર્ષે ૯૦ ટકા માર્ક આવે તો એમાં કોઇએ કશું જ ગૌરવ લેવાની જરૂર નથી સિવાય વિદ્યાર્થી ૪૦% માર્ક લઇને જ બીજા વર્ષે ૬૦ ટકા માર્ક આવે તો વિદ્યાર્થીઓ એ વિશેષ સિદ્દિનો અધિકાર ટ્યુશન ક્લાસનો છે, પણ ટ્યુશન ક્લાસીસમાં સુધ્ધાં માર્ક્સ આધારિત એડમિશન મળે છે. બબ્બે વરસની ફી સાથે લઇ લેવાય છે જે લાખો રૂપિયામાં હોય છે અને ટ્યુશન ક્લાસીસ વિના ભણાય જ નહીં એવું આ પ્રાકૃતિક ધોરણે કહેવાતા માવતર આધ્યાત્મિક ધોરણે માને છે.

મહારાષ્ટ્રમાં ભણતો 12-13 વર્ષનો વિદ્યાર્થી સહ્યાદ્રી વિશે ભલે ખાસ કાંઇ ન જાણતો હોય, અરવલ્લીના આરાવલી કહે અને જ્ઞાનદેવ કે તુકારામ વિશે ઓળવી કે અભંગનો કક્કોય ન આવડે પણ અંગ્રેજી માધ્યમમાં રામને રામા કહેવાય, યોગને યોગા કહેવાય, પાટનગર કયું અથવા 18મી કે 19 મી સદીમાં આફ્રિકાની પ્રજાને લૂંટવા યુરોપના દેશોએ કેવી સમજૂતી કરી હતી તેની જાણકારી એને હોવી જોઇએ.

ખ) સમજીને લખો. 2

અંગ્રેજી માધ્યમમાં કહેવાય-

યોગને _____, રામને ______

અંગ્રેજી માધ્યમમાં ભણે- _______, ________

પ્ર.2

અ] નીચે આપેલો પદ્યાંશ વાંચી સૂચનાને અનુસરો.

૧) યોગ્ય શબ્દ લખો. 2

ક્રોધ-_________સ્વભાવ-________

મિથ્યા-_________આશા-_________

ક્રોધી સ્વભાવને જીતવો ને,

રાખવો નહીં અંતરમાં ક્રોધ રે,

સમાનપણે સર્વેમાં વરતવું ને,

ટાળી દેવો મનનો વિરોધ રે,

હે જી રામ, નિરમળ થઈને કામને જીતવો ને,

રાખવો અંતરમાં વૈરાગ રે,

જગતના વૈભવને મિથ્યા જાણીને,

ટાળી દેવો દુર્જનનો રાગ

હે જી રામ આલોકને પરલોકની આશા તજવી ને,

રાખવું અભ્યાસમાં ધ્યાન રે

તરણા સમાન સિદ્ધિઓને ગણાવીને

મેલવું અંતરનું માન રે

હે જી રામ, ગુરુમુખી હોય તેણે એમ જ રહેવું ને,

વરતવું વચનની માંય રે

ગંગાસતી એમ બોલ્યા રે પાનબાઈ,

એને નડે નહીં જગતમાં કોઈ.

૨)કાવ્ય ના આધારે લખો. 2

ક) સિદ્ધિઓને ગણવી__________

ખ) મેલવું__________

ગ)તજી દેવી ________

ઘ)કામને જીતવો________

૩) પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો. 2

આ]

નીચે આપેલ પદ્યાંશ વાંચી સૂચનાને અનુસરો. 2

૧)કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. 2

ક)બાળુડાને માત હીંચોળે : ______________

ખ)પેટમાં પોઢીને સાંભળેલી ______________

ગ)પોઢજો રે મારા બાળ! ______________

ઘ)તેદી તો હાથ રે 'વાની,______________

આભમાં ઉગેલ ચાંદલો ને જીજાબાઇને આવ્યા બાળ

બાળુડાને માત હીંચોળે :ઘરણણ ડુંગરા બોલે!

શિવાજીને નીંદર ના'વે માતા જીજાબાઇ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ-લખમણની વાત

માતાજીને મુખ જે દીથી, ઊડી એની ઊંઘ તે દીથી... શિવાજી

પોઢજો રે મારા બાળ! પોઢી લેજો પેટ ભરીને આજ-

કાલે કાળા જુદ્ધ ખેલાશે; સુવા ટાણું ક્યાંય ન રે 'શે... શિવાજીને

ધાવજો રે, મારાં પેટ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ-

રે 'શે નહીં રણઘેલુડા, ખાવા મૂઠી ધાનની વેળા... શિવાજીને

પેરી ઓઢી લેજો પાતળા રે!પીળા લાલ પીરોજી ચીર-

કાયા તારા લોહીમાં ના'શે : ઢાંકણ તેદી ઢાલનું થાશે... શિવાજીને

ઘૂઘરા, ઘાવણી, પોપટ, લાકડી ફેરવી લેજો આજ -

તેદી તો હાથ રે 'વાની, રાતી બંબોળ ભવાની.. શિવાજીને

૨) નીચેના શબ્દોના વિભિન્ન અર્થ લખો. 2

પેટ - {________} {________}

વાટ - {________} {________}

૩) પ્રસ્તુત હાલરડાંને આધારે શૂરવીરતા વિશે તમારા વિચાર રજૂ કરો. 2

ઈ]નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર લખો. 4

૧)શિવાજીના ઘડતરમાં જીજાભાઈનો ફાળો વિશે તમારો મત વ્યક્ત કરો.

૨) હીરાભાઈનું જીવન વૃતાંત તમારા શબ્દોમાં વર્ણવો.

૩)' ક્રોધી સ્વભાવને જીતવો' કાવ્યમાં વર્ણવેલ કૃતિ સ્વભાવને જીતવાના ઉપાયો લખો.

પ્ર.3.

અ]નીચે આપેલો ગદ્યખંડ વાંચી સુચનાને અનુસરો.

૧)વિધાન પૂર્ણ કરો. 3

ક)કોમનસેન્સ' ' કોમન' નથી, તેવી જ રીતે.........

ખ)એક વૃદ્ધ વ્યક્તિને ઉછળકૂદ કરતા જોઈ,.......

ગ)મારા ચિત્રો મને ગમે છે ખરાં,પણ................

હાસ્યમેવ જયતે!

સાધારણ સાદી સમજ તો બધામાં હોય એવું આપણે માનીએ છીએ: પણ એવી સમજણ સૌમાં જોવા મળતી નથી.' કોમનસેન્સ' ' કોમન' નથી, તેવી જ રીતે વિનોદ વૃત્તિ પણ વિરલ છે. અહીં જાણે તે વ્યક્તિઓના જીવનમાંના હાસ્ય પ્રસંગો આપવામાં આવ્યા છે. તેમાં બુદ્ધિચાતુર્યના ચમકારા ને માણસોની મોટપના દર્શન થાય છે.

મોહનદાસ ક.ગાંધી

કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા માટે ગાંધીજી મુંબઇ ગયા હતા, ત્યારે એક સાંજે દરિયા કિનારે ફરવા ગયા. 'બાલકન-જી-બારી' સંસ્થાના બાળકો ત્યાં રમતાં હતાં. ગાંધીજી એમની સાથે રમવા લાગ્યા. એક વૃધ્ધ વ્યક્તિને ઉછળકૂદ કરતા જોઇ,બાળકોને ખૂબ ગમ્મત પડી. એક તો ફરી બાળક જે રેતીમાં ગુલાંટ મારી રહ્યો હતો, ગાંધીજી પાસે આવ્યો ને બોલ્યો:' બાપા! તમે મારી જેમ ગુલાંટ મારી શકો?' ' હા, હા, હું તારી જેમ ગુલાંટ મારી બતાવું ', ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, ' જો તું મારી જેમ તારા દાંત, આ રીતે બહાર કાઢીને બતાવે!' ને એ સાથે એમણે પોતાની બત્રીશી મોંમાંથી બહાર કાઢીને બતાવી!'

પિકાસો

વિશ્વપ્રસિધ્ધ ચિત્રકાર પિકાસોએ એકવાર મિત્રોને પોતાને ઘેર જમવા માટે બોલાવ્યા હતા. વાત વાતમાં એક મિત્રે ટીખળ કરતા કહ્યું :'પિકાસો તારા ઘરની દીવાલો પર તારું એક પણ ચિત્ર નથી, તો શું એ તને ગમતા નથી?' વિકાસ એ હાસ્ય વિખેરતા જવાબ આપ્યો,' એવું નથી મિત્રો. મારા ચિત્રો મને ગમે છે ખરાં,પણ તે એટલા મોંઘા હોય છે કે મને પોસાતાં નથી!'

૨) સમજીને લખો. 3

ક) અધિવેશનમાં ભાગ લેવા મુંબઇ જનાર________

ખ) બાલકન-જી-બારી' સંસ્થાના બાળકો રમતાં હતાં_ ______

ગ)વિશ્વપ્રસિધ્ધ ચિત્રકાર ________

આ]100થી 120 શબ્દોમાં ઉત્તર લખો.

(કોઇ પણ એક) 4

૧) લોકસાહિત્યના સંવર્ધનમાં સ્ત્રીઓનું યોગદાન સ્પષ્ટ કરો.

૨) લોકગીતના કોઇપણ પાંચ પ્રકાર સમજાવો.

ઈ] 50 થી 60 શબ્દોમાં ઉત્તર લખો. 2

૧) ગ્રામ્ય જીવનમાં રહેલું શ્રમનું મહત્વ તમારા શબ્દોમાં લખો.

૨) વર્તમાન સમયમાં સાસુ વહુના સંબંધોનું ચિત્રણ તમારા શબ્દોમાં કરો.

પ્ર.4. સુચનાને અનુસરો. (કોઈપણ સાત)

ક) યોગ્ય શબ્દ લખી શબ્દ યુગ્મ પુરા કરો. 2

હાલક-________ બાગ-_______

રીત -_________ખોડ-_______

ખ) સમાસ ઓળખો. 2

ચીજવસ્તુ, સપ્તલક્ષણ, પતિપત્ની, મહાદેવ

ગ)નીચે આપેલા રૂઢિપ્રયોગોના યોગ્ય અર્થ લખો. 2

* મગજ ચસકી જવું * આંખ ફાટી જવી

* ઇન્દ્રજાળ રચવી * ખબર લેવી

ઘ)સંધિ કરો. 2

અંતરાત્મા, વિદ્યાર્થી, નિર્દોષ, પરમેશ્વર

ચ)નીચેના તળપદા શબ્દો માટે માન્યભાષાના શબ્દો લખો. 2

વાવરે, ધાયો, દીઠાં, તેહને

પ્ર. 5 અ]નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર લખો

(1) આમટે દંપતીને તમારી કોલેજમાં આમંત્રણ આપવા માટેની અરજી આચાર્યને લખો. 5 (2) પ્રસિધ્ધ કવિ મુકેશ જોશીની મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો. 5

(3) નીચે આપેલા પરિચ્છેદમાં આવેલી ભૂલો મુદ્રિત શોધનના ચિન્હો દ્વારા દર્શાવો. 5

ગુલાબના સુંદર ફૂલની આસપાસ અસંખ્ય તીક્ષ્ણ કાંટા હોય છે. આ કંટકોની વચ્ચે રહેવા છતાં ગુલાબ તો મહેક્યાજ કરે છે. મહાન પુરુશોના જીવનમાં અનેક કષ્ટો છતાં પણ તેઓ ડગતા નથી. સામાજિક આર્થિક રાજકીય કે કુદરતી આફતોના સમયે પણ તેમનામાં રહેલી ઉદારતા, માનવતા કોમળતા કે પરોપકારીપણાની ભાવનામાં કદીયે ઓટ આવતી નથી.

આ]નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર લખો. ૪ (1) જન્મદિવસની ઉજવણીની પ્રસંગ વ્યવસ્થાપનની રૂપરેખા તૈયાર કરો.

(2)નીચેનું ચિત્રનું નિરીક્ષણ કરી સ્વ-રચિત કાવ્ય, વાર્તા, સંવાદ અથવા પરિચ્છેદ લખો.

****